# Visit of Minister of State for External Affairs and Parliamentary Affairs Shri V. Muraleedharan to UAE (January 19-21, 2021)

January 18, 2021

## વિદેશી બાબતો અને સંસદીય બાબતોનાં રાજ્ય કક્ષાનાં મંત્રી શ્રી વી. મુરલીધરનની યુએઈની મુલાકાત (જાન્યુઆરી 19-21, 2021)

જાન્યુઆરી 18, 2021

વિદેશી બાબતો અને સંસદીય બાબતોનાં રાજ્ય કક્ષાનાં મંત્રી શ્રી વી. મુરલીધરન 19-21 જાન્યુઆરી, 2021 નાં રોજ યુએઈની અધિકૃત મુલાકાત હાથ ધરશે. આ મુલાકાત દરમિયાન તેઓ યુએઈમાં યુએઈનાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અને ભારતીય સમુદાયનાં બહોળા-વર્ગને મળશે. તેઓ પારસ્પરિક હિતનાં વિવિધ દ્વિપક્ષીય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પર યુએઈ પક્ષ સાથે વાર્તાલાપો યોજશે. આ મુલાકાતમાં ભારતીય સમુદાય સંબંધિત મુદ્દાઓ અને ખાસ કરીને ભારતીય કર્મચારીઓની સુખાકારી પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

ભારત અને યુએઈ દ્વારા કોવિડ-19 મહામારી દરમિયાન તેઓની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીની ભાવનામાં નિકટનું સંકલન જાળવી રાખ્યું છે. વિદેશ મંત્રીએ પણ નવેમ્બર 2020 માં યુએઈની મુલાકાત લીધી હતી. બન્ને દેશો વચ્ચે એર બબલ ગોઠવણ સફળતાપૂર્વક કાર્યરત છે.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 18, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.